દ્વિતીય ગુજરાત રાજય ધોરીમાર્ગ યોજના (GSHP II)

માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર

લોક માહિતી પુસ્તિકા (ભાવાનુવાદ)

૧. પ્રસ્તાવના

1. ગુજરાત રાજય ધોરી માર્ગ યોજના-૧ દ્વારા પોતાની કુશળતા દર્શાવીને ગુજરાત સરકાર(GoG), માર્ગ અને મકાન વિભાગ (R&BD) અને વિશ્વબેંકે (WB) પોતાની કુશળ ભાગીદારી ચાલુ રાખી છે. સાથે મળીને તથા દ્વિતીય ગુજરાત રાજય ધોરીમાર્ગ યોજના (GSHP-II) માં શેરહોલ્ડરોની ભાગીદાર બનવાની ક્ષમતાઓનું નિર્માણ કરીને અને માર્ગના માળખાને ઉન્નત બનાવવાની સાથે સમુદાયના સશક્તિકરણનો આ બીજો પ્રયાસ હતો. વિકાસની સતત ચાલતી પ્રક્રિયા હેઠળ GSHP-II, માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકારે બીજા માર્ગો, વિકાસશીલ મધ્યસ્થીની તૈયારીઓ અને હયાત રાજય ધોરી માર્ગોના અમલીકરણ માટે ૧૫૩ કિ.મી. લંબાઇ નું એકત્રીકરણ પસંદ કરેલ છે. જરૂરીયાત મુજબ પ્રસ્તાવિત પુનર્વસન/મજબુતીકરણ અને વિસ્તરણ માટેના માર્ગો છે. આમાંથી, DPR ની તૈયારીના ભાગરૂપ, 4 માર્ગ માટે સામાજીક સુરક્ષા અહેવાલો બનાવવામાં આવેલા છે જેમાં HIV/AIDS નિવારણ યોજના (HPP)નો સમાવેશ થાય છે. GSHP-II હેઠળ ધ્યાનમાં લીધા પ્રમાણેના યોજનાના માર્ગોની યાદી કે જેને વધારાના માર્ગ તરીકે કોષ્ઠક-1 માં દર્શાવેલ છે.

1. કોઠો: ૧-૧- યોજના હેઠળના માર્ગ

અનુક્રમ	માર્ગના નામ	લંબાઈ (કિ.મી.)	માર્ગનું હાલમાં સ્વરૂપ	માર્ગ ઉન્નતિના વિકલ્પ	માર્ગ અધિકાર હદ (મી)
માર્ગોની ઉન્નતિ					
1	મેહસાણા –પાલનપુર	૬૦. ૯૨	ચા.મા.	છ.મા..+હા.શો.	૬૦
2	મેહસાણા બાયપાસ	૫.૦૫	દ્વિ.મા	ચા મા.+ હા.શો	૬૦
3	રાંધાનપુર – ચણાસમાં	૬૦.૪૨	દ્વિ.મા	પુનર્વસન	30
4	વલ્લભીપુર – રંધોળા	૨૬.૫૭.	દ્વિ.મા	પુનર્વસન	૨૪
એ.મા. – એક માર્ગીય , દ્વિ.મા. – દ્વીમાંર્ગીય, મ.મા – મધ્યવર્તી માર્ગ, સાં.દ્વિ.મા– સાંકડો દ્વીમાંર્ગીય., ચા.મા – ચાર માર્ગીય, ડા.શો – ડામર શોલ્ડર હા.શો. –હાર્ડ શોલ્ડર, ફુ.પા,+બંગ – ફૂટપાથ, બંધ ગટર સાથે					

૨. પુનર્વસન કામગીરી આયોજન (RAP) નાં ઉદ્દેશો

પરિયોજના નાં કારણે પડતી સામાજિક અસરો સમજવા માટે વિગતવાર સામાજિક અસર આકારણી (SIA) કરવામાં આવેલ છે. ત્યારબાદ મંજૂર થયેલ પુનર્વસન નીતિ માળખા (RPF) ના સિદ્ધાંતોના આધારે પુનઃસ્થાપન કાર્ય યોજના નું (RAP) અમલીકરણ કરવામાં આવી રહેલ છે. અસર પામતી ખાનગી જમીન અને બાંધકામનાં વળતર અને યોજના અસરગ્રસ્તો માટે પુનઃસ્થાપન મદદ માટેના પુનર્વસન નીતિ માળખા (RPF) ના સિદ્ધાંતો નીચે દર્શાવેલ છે.

પુનર્વસન કામગીરી આયોજન (RAP) માં એ ખાતરી કરવાની રહેશે કે અસરગ્રસ્ત વ્યક્તિઓને

(i) પુનર્વસન અંગે તેમના પર્યાય અને હક્કોથી વાકેફ કરવામા આવે;

(i i) તેઓ સાથે પરામર્શ થાય, તાંત્રિક અને આર્થિક દ્રષ્ટીએ લાગુ થઇ શકે તેવા પુનર્વસન વૈકલ્પિક અને તે પૈકી તેમનાં માંટે જે પસંદગીઓ રજુ કરેલ હોય (આપેલ હોય), તે પૂરી પડવામાં આવે;

(i i i)પરિયોજના ને કારણે અસ્ક્યમતો ના નુકસાનનુ વળતર સત્વરે અને અસરકારક હોય;

(i v) સ્થળાંતર સમયે અને વચગાળના સમય માટે તેમના જીવન ધોરણને પુનઃસ્થપિત કરવા (સ્થળાંતર ભથ્થું પુનઃસ્થાપના ભથ્થું વગરે) મદદ આપવામાં આવે;

(v) પાત્ર વ્યક્તિ જે અસરગ્રત વ્યક્તિ છે તેને વળતર સિવાય કુનેહ વિકાસ માટેની મદદ જેમકે તાલિમ મળે.

પુનર્વસન કામગીરી આયોજન (RAP) નાં ઉદ્દેશો

૧. પ્રતીકુળ અસરો ને ઓળખવી અને સુધારાત્મક પગલાં ઓ નક્કી કરવા.

૨. મળવાપાત્ર અધિકાર અંગે નું માળખુ - વળતર (પરિશીષ્ટ ૧ જોવું, refer annexure 1) પ્રસ્તુત કરવું અને
અસરગ્રસ્ત લોકો ને વળતર અને સહાય વડે (દ્વારા) આજીવિકા પુનઃ સ્થાપિત કરવા માં મદદ કરવી.

પુનર્વસનના માળખા (RPF)નો આધાર એ નીતિ પર છે કે અસરગ્રસ્ત લોકો પહેલાકરતાં બહેતર સ્થિતિમાં આવે અથવા ઓછામાં ઓછા યોજના શરૂ થતાં પહેલાં જે સ્થિતિમાં હોય એ સ્થિતિમાં,એ રહી શકે, યોજનાથી અસરગ્રસ્ત લોકોના પુનર્વસનના કાર્યમાં અને પુનઃસ્થાપનના લાભો થી સમાનતા આવશે.

3. પુનર્વસન નીતિ નું માળખુ (RPF) અને લાયકાત માટેના ધોરણો

પુનર્વસન નાં માળખા (RPF) નો આધાર એ નીતિ પર છે કે અસરગ્રસ્ત લોકો પહેલાકરતાં બહેતર સ્થિતિમાં આવે અથવા ઓછામાં ઓછા યોજના શરૂ થતાં પહેલાં જે સ્થિતિમાં હોય એ સ્થિતિમાં, એ રહી શકે. પુનર્વસન ની નીતિ નાં માળખા (RPF) માં સૂચિત યોજનાના કારણે સામાજિક અસરોનું અસરકારક રીતે વ્યવસ્થાપન કરવામાં આવે તે માટે માર્ગદર્શન આપવામાં આવશે. પુનર્વસન નાં માળખા (RPF) માં એ વાતની ચોકસાઈ રાખવામાં આવેલ છે કે અસરગ્રસ્ત સમુદાયો આ યોજનાનો સારી રીતે સ્વીકાર કરે. અસરગ્રસ્ત લોકો સાથે સારીરીતે વાતચીત થાય તેની ચોકસાઈ રખાશે. પુનર્વસન નાં માળખા (RPF) માં નીચેની બાબતોનો સમાવેશ કરવામાં આવેલ છે:

(i) માલિકી હક ધરાવનારાઓ અને (i i) માલિકી હક ન ધરાવનારાઓ. બંને પક્ષોના અસરગ્રસ્ત લોકોને પોતાની જમીન બાંધકામ અને અન્ય મિલકત જેવી કે ઉભા પાકો અથવા વૃક્ષોમાટે વળતર મેળવવાનો અધિકાર

- ઉપરની દરેક કક્ષાના લોકોમાંથી નબળ (કમજોર) લોકોને વધારાનો ટેકો આપવામાં આવશે.
- જમીન ના વળતર માટેની મૂલ્યાંકન પ્રકીયા નવા જમીન કાયદા ૨૦૧૩ ને અનુસરી અને યોજનાનાં માર્ગો કે જ્યાં જુનાં જમીન કાયદા ૧૮૯૪ અનુંસાર એવોર્ડ નક્કી નથી થયો, ત્યાં એવોર્ડ , નવા (જમીન) કાયદા ની કલમ ૨૪ (૧) તથા ગુજરાત સરકાર નાં ઠરાવ (જી.આર.) મુજબ નક્કી કરવામાં આવશે[1]
- પોજેક્ટ ડીઝાઈનમાં ફેરફાર કરીને શક્ય તેટલી વિપરીત અસરો ટાળવામાં આવશે અથવા તે ન્યુનત્તમ બને તે માટે પ્રયત્નો કરવામાં આવશે. જ્યાં વિપરીત અસર ટાળી શકાય તેમ ન હોય ત્યાં યોજનાથી અસરગ્રસ્ત લોકોને તેમનું જીવનધોરણ ઊંચું આવે અથવા જીવનધોરણ જળવાઈ રહે તેમાટે સહાય કરવામાં આવશે.
- જમીન નું વળતર જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ની જોગવાઈઓ મુજબ નવી જમીન ખરીદી જેટલું જ આપવામાં આવશે અને અન્ય સબંધકર્તામાટે જમીન સંપાદન ભથ્થું આપવામાં આવશે. વખતોવખત સુધારવામાં આવેલ જમીન સંપાદન અધિનિયમ, નિયત સવા આવેલ મૂલ્યો અને જંત્રીના અદ્યતન મૂલ્યોના વચ્ચેના તફાવતની રકમ યોજના દ્વારા સહાયરૂપે આપવામાં આવશે.
- જમીનના બાકી રહેલ ટૂકડાઓમાટે વળતર મેળવવાને પાત્ર અસરગ્રસ્ત લોકો જો તે માટે વિકલ્પ આપશે, તો તેમને તે માટે વળતર આપવામાં આવશે.
- બાંધકામનું નુકસાન અને અન્ય મિલકતોનું વળતર તેનાં ફેરબદલી ખર્ચા (રીપ્લેસમેન્ટ કોસ્ટ) નાં આધારે આપવામાં આવશે અને તે કબ્જા હેઠળ નાં કે અસરગ્રસ્ત વિસ્તારમાંથી આવા નિર્વાસિત લોકો મિલકતો છોડીને જાય તે પહેલાં ચૂકવવામાં આવશે.
- જમીન સંપાદનના કારણે, અસરગ્રસ્ત લોકો કે જેમણે રોજગાર ગુમાવ્યો હોય તેમને સહાય આપવામાં આવશે.
- માલિકી હક્ક ધરાવનાર માટે, જે દિવસે નવા જમીન સંપાદન કાયદા ૨૦૧૩ નાં અધિનિયમની કલમ ૧૧ હેઠળ જમીન સંપાદનમાટે જાહેરનામું બહાર પાડવામાં આવે તે તારીખને આખરી તારીખ (Cut of Date) તરીકે ગણવામાં આવશે.
- જે લોકો માલિકી હક્ક ધરાવતા ન હોય તેમના માટે યોજના સેન્સસ સર્વે (મોજણી) અથવા તો કોઈ સરખા પ્રકાર ની નક્કી કરેલ તારીખ કે જે ને યોજના અધિકારીઓ દ્વારા નક્કી કરવામાં આવેલી હોય તેને આખરી તારીખ (Cut of Date) તરીકે ગણવામાં આવશે.
- નમૂના મોજણી (સેમ્પલ સર્વે) દરમિયાન ગેરહાજર હોય તો તે લોકોને પણ સહાય આપવામાં આવશે અને બજેટની જોગવાઈઓમાં પણ સમીક્ષા કરવામાં આવશે નહી. જોકે અસરગ્રસ્ત વિસ્તારમાં વિચરતા લોકો આખરી તારીખ (Cut of Date) પછી કોઇપણ જાતના વળતર કે સહાય માટે પાત્ર રહેશે નહી.

[1] The evaluation process for the compensation for land will be followed as per New Act, the Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act 2013 for the project corridors, where the Award were not decided under old Act 1894, then as per the provision in Clause 24(1) of new Act, and as per the GR of Govt. of Gujarat, the compensation of such cases will be decided under implementation of New Act of Land Acquisition.
ગુજરાતી ભાષા માં ભાવાનુવાદ નીચે મુજબ છે.

૧. યોજનાનાં માર્ગો માટે જમીન ના વળતર માટેની મૂલ્યાંકન પ્રકીયા નવા જમીન કાયદા ૨૦૧૩ ને અનુસરશે અને જ્યાં જુના જમીન કાયદા ૧૮૯૪ અનુંસાર એવોર્ડ નક્કી નથી થયો, ત્યાં એવોર્ડ , નવા (જમીન) કાયદા ની કલમ ૨૪ (૧) તથા ગુજરાત સરકાર નાં જી.આર. (ઠરાવ) મુજબ નક્કી કરવામાં આવશે. અને આવા કિસ્સાઓમાં નવા જમીન સંપાદન ધારા અમલીકરણ હેઠળ વળતર નક્કી કરવામાં આવશે.

- કમજોર (નબળા) સમૂહને અલગ તાલીમ આપવામાં આવશે અને તેમનું જીવન ધોરણ સુધારવા માટે પુનર્વસનની સહાય આપવામાં આવશે.
- સાર્વજનીક મિલકતો/સ્રોતોને લગતી અને પુનર્વસનની યોજનાના અમલીકરણની વિગતોની જાણકરી હિત ધરાવનારાઓને કરવામાં આવશે અને આયોજન અને અમલીકરણમાટે લોકોની ભાગીદારી મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવશે.
- જિલ્લા કક્ષાએ સ્થિત વિવાદોનો ઝડપથી ઉકેલ આવી શકે તેમાટે ફરિયાદ નિવારણમાટે યોગ્ય તંત્ર તૈયાર કરવામાં આવશે.
- અસરગ્રસ્ત લોકોની બધી પરામર્શ બેઠકના દસ્તાવેજ (Records) તૈયાર કરવામાં આવશે યોજનાના અમલીકરણ, પુનર્વસન અને પુનઃ સ્થાપનની સેવાઓ દરમિયાન પણ પરમિશનની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

૪. અમલીકરણની વ્યવસ્થા

પર્યાવરણીય અને સામાજીક વ્યવસ્થાપન (સંચાલન) એકમ (ESMU)

મુખ્ય ઈજનેર (વિશ્વ બેંક) શ્રી યોજના નાં એકંદરે ઉપરી રહેશે. અધિક્ષક ઈજનેર, માર્ગ અને મકાન વિભાગ, તેમને તેમના મુખ્ય મથક ગાંધીનગર માં કામગીરી માં મદદ કરશે. પર્યાવરણીય અને સામાજીક વ્યવસ્થાપન (સંચાલન) એકમ (ESMU), યોજના અમલીકરણ એકમ ગાંધીનગર ખાતે સ્થપાયેલ છે, અને યોજના નાં પુનર્વસન અને પુનઃસ્થાપન અંગેના પાસાઓનું ધ્યાન રાખી રહેલ છે. નીતી, માર્ગદર્શન, સંકલન, આયોજન, આંતરીક સમીક્ષા અને સમાન અહેવાલ અંગે તેની એકંદર જવાબદારી રહશે. કાર્યપાલક ઈજનેર કક્ષા ના અધિકારી ESMU ના ઉપરી છે, અને તે પુનઃવસન અને પુનઃવસવાટ ને સંબંધિત તમામ પ્રવૃત્તિઓ માટે જવાબદાર રહશે. કાર્યપાલક ઈજનેરને પર્યાવરણ તથા સામાજીક વિશેષજ્ઞ સહાય કરશે. ક્ષેત્રીય વિભાગીય કચેરીઓ માં દરેક કચેરીઓ નાં કાર્યપાલક ઈજનેર પર્યાવરણ અને સામાજીક પ્રવૃત્તિઓ માટે જવાબદાર રહશે. માર્ગ અને મકાન વિભાગ હસ્તકની યોજના માટેની ક્ષેત્રીય વિભાગીય કચેરીઓ વડોદરા, રાજકોટ તથા મહેસાણા ખાતે કાર્યરત છે.

૫. યોજના નિયંત્રણ સલાહકર (પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્ટ PMC) તથા બાંધકામ દેખરેખ સલાહકાર (ઓ. પી. આર. સી. મોનીટરીંગ કન્સલટન્ટ) દ્વારા અમલીકરણ માં સહાયતા

પુનર્વસન કામગીરી આયોજન (RAP) ના અમલીકરણ ની કામગીરી સ્વૈચ્છિક સંસ્થા (NGO) ની જગા એ સંયુકતપણે પર્યાવરણ તથા સામાજીક સંચાલન એકમ (ESMU), રાજય માર્ગ યોજના વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર, યોજના નિયંત્રણ સલાહકર (PMC) તથા બાંધકામ દેખરેખ સલાહકાર (સુપરવીઝન કન્સલટન્ટ - CSC) / સ્વતંત્ર તકનીકી તજજ્ઞ સલ્હાકાર (Independent Engineer - Consultant) ની સહાય દ્વારા કરવામાં આવશે, અને PMC તેમજ CSC / IE (IC) ની ભૂમિકા અને જવાબદારીઓ સંક્ષિપ્તમાં નીચે મુજબ છે :

- યોજના અસર ગ્રસ્ત લોકો (પરિશીષ્ટ ૨ - ધ્યાને લેવું) ને સંભવિત વિપરીત અસરો સમજાવવી અને તેના નિવારણના ઉપાયો સમજાવવા અને પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R) હેઠળ તેમને મળવાપાત્ર વળતર / સહાય (પરિશીષ્ટ ૧ - ધ્યાને લેવું) અંગે સમજણ આપવી;
- જાણકારી માટેનું સાહિત્ય, જેમાં RAP ને લગતા અને અન્ય પાસાને લગતા ચોપાનિયા વહેંચવા;
- પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R) ની કામગીરીનો આરંભ થાય ત્યારે ESMU ને લોકોમાં જાગૃતિ ફેલાવવા નાં અભિયાન માં સહાય (મદદ) કરવી;
- સુક્ષ્મતમ યોજના (Micro Plan) તૈયાર કરવી;
- ESMU દ્વારા આયોજીત કરવામાં આવેલ બેઠકો માં ભાગ લેવો;
- RAP ના અમલમાં (મદદ) સહાય કરવી;
- PAFs ના ઓળખપત્રો તૈયાર કરવા અને આપવા;
- યોજનાથી અસરગ્રસ્ત વ્યક્તિ (PAP) માટે સંયુક્ત બેંક ખાતા (યોજનાથી અસરગ્રસ્ત વ્યક્તિ - PAP અને તેના પતિ-પત્ની) ખોલાવવામાં સહાય (મદદ) કરવી;
- યોજનાથી અસરગ્રસ્ત વ્યક્તિ (PAP) ને વળતર મેળવવા માં, કમજોર (નબળા) વર્ગો પર વધારે ધ્યાન આપવામાં, તેમણે તેમના લહેણા સમયસર મળે, તે સુનિશ્ચિત કરવામાં મદદ કરવી.
- વળતરની અને પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R) ગ્રાન્ટની રકમના લાભકારક ઉપયોગ અંગે લોકોમાં જાગૃતિ લાવવી;
- સ્રોતોના આધાર અને અન્ય તકોની જાણકારી સમજાવવી જેથી તેઓ પૂરી જાણકારી સાથે પોતાનો વિકલ્પ પસંદ કરી શકે અને પોતાના વિકાસમાં ભાગ લઈ શકે;

- યોજનાથી કમજોર (નબળા) અસરગ્રસ્ત વ્યક્તિ (PAP) ને તેમના વળતર અને પુનઃ સ્થાપનના અધિકાર બરાબર મળે તેની ખાતરી રાખવી;
- ESMU ને માસિક પ્રગતિ અહેવાલ રજુ કરવો;
- યોજના થી અસરગ્રસ્ત વ્યક્તિ (PAP) ની રોજગાર કુશળતામાટેની તાલીમ ની જરૂરિયાત તૈયાર કરવી; અને
- એ વાતની ખાતરી રાખવી કે યોજનાથી અસરગ્રસ્ત વ્યક્તિ (PAP) ની ફરિયાદો અને મુશ્કેલીઓ ફરિયાદ નિવારણ સમિતિ સામે મૂકવામાં આવે અને તે સમસ્યા નો નિકાલ થાય.

૬. ફરિયાદ નિવારણ યંત્રણા (GRIEVANCE REDRESS MECHANISM - GRM)

યોજના અંતર્ગત એક ફરિયાદ નિવારણ સમિતિ (GRC) ની રચના કરવામાં આવેલ છે, જે યોજનાથી અસરગ્રસ્ત વ્યક્તિ (PAP) ની ફરિયાદો સાંભળશે અને તેનો નિકાલ કરશે. જિલ્લા કક્ષાએ, જિલ્લા કલેક્ટરના વડપણ હેઠળ આવી સમિતિની રચના કરવામાં આવેલ છે. ફરિયાદ નિવારણ સમિતિ (GRC) માં નીચેના સભ્યો હશે :

- જિલ્લા કલેક્ટર (સમાહર્તાँ) અથવા તેમના વતી નિયુક્ત કરવામાં આવેલા પ્રતિનિધિ જે સહાયક જિલ્લા કલેક્ટર થી ઉતરતી (નીચેની) પદવી ન ધરાવતા હોય તેવા (મહિલા અધિકારીને અગ્રતા આપવાની રહેશે);
- મહેસુલ વિભાગના જિલ્લા વિકાસ અધિકારી;
- યોજના અમલીકરણ એકમ (PIU) ના કાર્યપાલક ઇજનેર
- સામાજિક ક્ષેત્રના / સ્થાનિક બિન સરકારી સ્વયંસેવી સંસ્થા ના પ્રતિનીધિ (જે અમલીકરણમાં સામેલ ન હોય) / એવી વ્યક્તિ કે જે આવા જ પ્રકારની બાબતો થી વાકેફ હોય અને તે / તેણી ખુબજ આદરણીય અને પ્રશ્નો હલ કરવાની કુશળતા ધરાવતી હોય (જીલ્લા મેજીસ્ટ્રેટ / કલેકટર (સમાહર્તાँ) દ્વારા પસંદ કરેલ હોય).

ફરિયાદ નિવારણ સમિતિ (GRC) ની કામગીરી / જવાબદારી નીચે મુજબ રહેશે:

(i) પુનર્વસન અને પુનઃસ્થાપન (R&R) અને જમીન સંપાદનની સમસ્યાઓ નો નિરાકરણ દૂર કરવામાં યોજનાથી અસરગ્રસ્ત વ્યક્તિ (PAP) ને સહાય કરશે;

(i i) ફરિયાદો ને નોંધશે અને નિયત સમય માં તેમનો નિકાલ કરશે;

(i i i) PIU ને કોઈ પણ ગંભીર કેસ બાબતે જાણ કરશે.

૭. મોનીટરીંગ (દેખરેખ) અને મૂલ્યાંકન

આંતરીક દેખરેખ અને સામાજીક સંરક્ષણ નું અમલીકરણ, પર્યાવરણ તથા સામાજીક સંચાલન એકમ (ESMU), યોજના અમલીકરણ એકમ (PIU), દ્વારા યોજના નિયંત્રણ સલાહકાર (PMC) તથા બાંધકામ દેખરેખ સલાહકાર / સ્વતંત્ર તકનીકી તજજ્ઞ સલ્હાકાર (Monitoring Consultant) ની સહાયથી કરવામાં આવશે. RAP, HPP etc (વિગેરે) નાં અમલીકરણની ગુણવત્તા વધારવા માટે, યોજના અમલીકરણ એકમ (PIU), દ્વારા આંતરીક દેખરેખ ઉપરાંત, બાહ્ય દેખરેખ, તૃતિય પક્ષ (થર્ડપાર્ટી એજન્સી) દ્વારા અને / અથવા આંતરીક ઑડીટર (Internal Auditor) દ્વારા કરવામાં આવશે, જે તકનીકી (ટેકનિકલ) તેમજ પર્યાવરણીય / સામાજીક પાસાઓ માટે હશે.

૮. લોક પરામર્શ અને જાહેર કરવું (સ્પષ્ટતા) જાહેરાત

યોજના અસરગ્રસ્ત લોકોને લગતી પરિયોજના ની અસરો, આલેખનના પર્યાય, વળતરના વિકલ્પ, મદદના વિકલ્પ, પરિયોજનામાં મૂલ્યવર્ધન વગરે બાબતોની જરૂરિયાતો સમજવા વ્યક્તિગત અને જાહેર પરામર્શ; સામાજીક અસરનું મૂલ્યાંકન (SIA), પુનર્વસન કામગીરી આયોજન (RAP) અને તદ્દેશીય માનવવિકાસ યોજના (IPDP) યોજના ના એક ભાગ રૂપે આયોજન કરવામાં આવશે; અસરગ્રસ્ત વસ્તી જૂથ કે જેમાં મહિલાઓ જૂથ, આદિજાતિ જૂથ, અને ખેતમજૂર જૂથ વગેરે નો સમાવેશ થાય છે તેમની સાથે પણ પરામર્શ કરવામાં આવશે.

પુનર્વસન કામગીરી આયોજન (RAP) અમલીકરણની કામગીરી પારદર્શી બને, તે માટે જાહેર જનતા સાથેની બેઠકોનું આયોજન કરવામાં આવશે, જેમાં યોજના ને લગતી વિગતો ની જાહેરાત, પ્રજા સમક્ષ કરવામાં આવશે. પુનર્વસન

કામગીરી આયોજન (RAP) ની કાર્યકારી સમીક્ષા (Executive Summery) તથા પુનર્વસન નીતિ માળખુ (RAF) , કે જેનો ગુજરાતીમાં અનુવાદ (ભાવાનુવાદ) કરવામાં આવલ છે; તે યોજના અસરગ્રસ્ત લોકોની યાદી સહીત જાહેર જનતા સાથેના પરામર્શ વખતે લોકો સમક્ષ મૂકવામાં આવશે. અને તેને યોજના ની GSHP વેબસાઈટ (http://gshp2.gov.in) ઉપર પણ મૂકવામાં આવશે. પુનર્વસન નીતિ માળખું તથા યોજનાની સામાજીક સુરક્ષાને લગતી માહિતી વિશ્વ બેંક ની વેબસાઈટ (World Bank's External Website) પર મૂકવામાં આવેલ છે.

બિડાણ (ઈન્કલોસર) :

૧. મંજૂર થયેલ મળવાપાત્ર અધિકારો નાં માળખાં (Entitlement Matrix) નો ગુજરાતી ભાષા માં ભાવાનુવાદ; પરિશીષ્ટ (Annexure) ૧

૨. યોજનાથી અસરગ્રસ્ત વ્યક્તિ ઓ ની (Annexure) ૨ યાદી (corridor specific list of PAP's); પરિશીષ્ટ

Annexure 1 મળવાપાત્ર અધિકારોનું માળખું (Entitlement Matrix)

દ્વિતીય ગુજરાત રાજય ધોરીમાર્ગ યોજના (GSHP II)

યોજના માટે સંપાદિત કરવાની જમીન અને મકાન (બાંધકામ) સંલગ્ન મળતરો ના અધિકારો

પ્રથમ અનુસૂચિ

ક્રમાંક	સને ૨૦૧૩ ના (જમીન) અધિનિયમ હેઠળ સંપાદન કરવાના વળતરનો ભાગ	નિર્ધારિત કરવાની કાર્યવાહી	લાભાર્થીની કક્ષા	વિશેષ સમજૂતી અને ટિપ્પણી
૧	૨	૩	૪	૫
૧	જમીનનો બજાર ભાવ	સને ૨૦૧૩ ના (જમીન) અધિનિયમની કલમ ૨૬ તથા તે હેઠળ નોંધ એ માં નિર્દેશિત કર્યા મુજબ વળતર નકકી કરવાનું છે.	(એ) જમીન માલિકો કે જેમની જમીન સંપાદન કરવાની છે અને જેમના માલિકી હકકની ખરાઈ સને ૨૦૧૩ ના (જમીન) અધિનિયમની કલમ–૩ હેઠળ થઈ શકે તેમ છે.	<u>બાંધકામ માળખા માટે વળતર</u> (એ) સને ૨૦૧૩ ના (જમીન) અધિનિયમની કલમ–૨૯ અને તે હેઠળની નોંધ બી મુજબ મકાન અને અન્ય અસ્કયામતોની બજાર કિંમત નકકી થઈ હોય તેટલું રોકડમાં વળતર ચુકવવાપાત્ર છે. જે કિસ્સામાં સ્ટ્રકચર સંપાદિત કરવાનું માળખું આંશિક હોવાના કારણે વળતર નકકી કરવું મુશ્કેલ હોય જેમ કે બાંધકામ માળખાના ૨૫ ટકાથી વધુ ભાગને અસર થતી હોય ત્યારે સને ૨૦૧૩ના (જમીન) અધિનિયમની કલમ ૨૪ હેઠળનું પૂરુ વળતર ગણી ચુકવવામાં આવશે.
			(બી) સમુચિત સરકાર ધ્વારા નકકી થયેલ વળતરનો વરાડે પડતો હિસ્સો નોંધાયેલ ગીરોદાર/ ગણોત ભાડુઆત અથવા લણણી કરનારને મળવાપાત્ર છે.	(બી) જે કિસ્સામાં સ્ટ્રકચરનો અંશતઃ ભાગ જ સંપાદન કરવાનો હોય તેવા કિસ્સામાં તે ભાગની કિંમતના ૨૫ ટકા જેટલી વધારાની રકમ ચુકવવાપાત્ર છે કે જેથી સ્ટ્રકચર માલિક માટે બાકી અસંપાદિત સ્ટ્રકચરનો ઉપયોગ કરવાનું શકય હોય અને તે તેમ કરવા ઈચ્છતો હોય તો તે સ્ટ્રકચરને સંપાદન કરવાથી જે નુકસાન થાય તેની મરામત કરાવી શકે.
૨	ગ્રામ્ય વિસ્તારો માટે બજાર ભાવને લાગુ પાડવાનો ગુણાંક	ગુજરાત સરકારના તા.૧૦/૧૧/૧૬ ના જાહેરનામા ક્રમાંકઃ એલ.એ.કયુ/ ૨૨/ ૨૦૧૪ /૧૭૯/કયુ/ઘ માં દર્શાવેલ ગુણાંક ગુજરાત સરકારે ગ્રામ્ય વિસ્તારોનું સીમાંકન નિશ્ચિત કરી અને ૨ (બે) નો ગુણાંક લાગુ પાડવા ઠરાવ્યું છે.	(સી) જંગલની પેદાશોના ઉપયોગ/ પરંપરાગત અધિકારો સને ૨૦૧૩ ના (જમીન) અધિનિયમની કલમ–૩(સી) ના મુદ્દા નંબર ૪૪ થી – હેઠળ ધરાવતા હોય તેવા જમીન કબજેદારોને માલિકી હકક ધરાવતા શખ્સો જેમ લાભાર્થી ગણી મળતા વળતર અને વધારાના વળતર મુજબ વળતર મળશે.	(સી) અસરગ્રસ્ત સ્ટ્રકચરના માળખાને તોડી પાડવાથી ઉપલબ્ધ ભંગાર માલ સામાન મેળવવાનો હકક મૂળ સ્ટ્રકચર માલિકને રહેશે. (ડી) સ્ટ્રકચર (બાંધકામ / મકાન) ખાલી કરવા ત્રણ માસની આગોતરી નોટિસ આપવાની રહેશે. બી. જમીન ઉપર આંશિક (અશત:) પ્રભાવ : જો કોઈ કિસ્સામાં, જમીન નો કોઈ ટુકડો (કે આંશિક ભાગ) અસરગ્રસ્ત થતો હોય, અને જમીન માલિક એવી ઈચ્છા વ્યક્ત કરે કે આખે આખી જમીન **(whole plot)** સંપાદીત કરી લેવામાં આવે કારણ કે ટુકડાનાં કારણે બાકી રહેતી જમીનની વાણીજ્યક કિંમત રેહતી નથી અથવા પ્રભાળ હેઠળ આવે છે, જમીન સંપાદન અધિનીયમ ૨૦૧૩ નાં **U/S 94,** નોંધ (હેઠળ), સરકાર શ્રી બાકી રહેતાં ટુકડાં ની સાથે, આખે આખી જમીન નું વળતર ઘોષિત કરી શકે છે. અથવા જો જમીન માલિકની સહમત થાય, તો જમીન
૩	શહેરી વિસ્તારો માટે બજાર ભાવને લાગુ પાડવાનો ગુણાંક	ગુજરાત સરકારના તા.૧૦/૧૧/૧૬ ના જાહેરનામા ક્રમાંકઃ એલ.એ.કયુ/ ૨૨/૨૦૧૪ /૧૭ કયુ/ઘ માં દર્શાવેલ ગુણાંક ગુજરાત સરકારે શહેરી વિસ્તારોનું સીમાંકન નિશ્ચિત કરી , ૧ (એક) નો ગુણાંક લાગુ પાડવા ઠરાવ્યું છે.		
૪	જમીન કે મકાનને સંલગ્ન	કલમ–૨૯ ની જોગવાઈ ધ્યાને લઈ નકકી થતી કિંમત. આ		

ક્રમાંક	સને ૨૦૧૩ ના (જમીન) અધિનિયમ હેઠળ સંપાદન કરવાના વળતરનો ભાગ	નિર્ધારિત કરવાની કાર્યવાહી	લાભાર્થીની કક્ષા	વિશેષ સમજૂતી અને ટિપ્પણી
	અસ્કયામતોની કિંમત	અધિનિયમ હેઠળ સંપાદન કરવાની જમીનનું વળતર નકકી કરતી વખતે કલેકટરઃ કલેકટર જમીનનો કબજો સંભાળતી વખતે હિત ધરાવતા શખ્સને સંપાદનના કારણે તેની અન્ય સ્થાવર કે જંગમ મિલ્કત કે તેની આજીવિકા સ્ત્રોતને નુકસાન થાય તે નુકસાની ધ્યાને લઈ વળતર કિંમત નકકી કરશે. વળતર નકકી કરતી વખતે સને ૨૦૧૩ ના (જમીન) સંપાદનના નવા કાયદાની કલમ–૨૯ (૧) હેઠળ (૧) જમીન મકાનો (૨) ઝાડ અને (૩) પાકની હયાત સ્થિતિ ધ્યાને લેશે.		નાં બાકી રહેતાં ટુકડાં (આંશિક ભાગ) ની મૂળ કિંમત નાં ૨૫% જેટલું વધારાનું વળતર ચૂકવીને, તે બાકી રહેતો ટુકડો જમીન માલિક પોતાની પાસે રાખી શકે છે. સી. ઝાડ /ખેતી / પાક) વિગેરે માટેનું વળતર :- અ (a) જમીન સંપાદન અધિનીયમ ૨૦૧૩ નું U/S 29 (3), મુજબ રોકડમાં વળતર (ચુકવાણું) : I. જંગલ ખાતું, લાકડાનાં ઝાડો માટે (ટીમ્બર ટ્રી) II. રાજ્ય ખેતીવાડી વિભાગ (પાક માટે) III. હોર્ટીકલ્ચર વિભાગ, બારમાસી પાકો માટે IV. રોકડમાં સહાય (વળતર),હક્ક ધરાવનારાઓ (ટાઈટલ હોલ્ડર) અને જે સ્કવોટર નથી,તેમનાં માટે (ઝાડ / પાક (ખેતી) અને બારમાસી પાકની નુકશાની પેટે; બજાર કિંમત પ્રમાણે). (b) ફળફળાદી, પાક (ખેતી) વિગેરે ને ઉગાડવા અને ખેતી કરવા માટે, ત્રણ મહિનાંની આગોતરી નોટિસ. જો ઉભો પાક હોય, તો તેવા કિસ્સામાં અસરગ્રસ્તો ને ત્રણ મહિનાંની આગોતરી નોટિસ, લણની માટે, તેમજ સાલ્વેજ ક્રોપ માટે, ઉપર જણાવેલ જોગવાઈના પર્યાયમા. ડી. વૈકલ્પિક વળતર માટેના પેકેજ:- જો કોઈ કિસ્સામાં, રાજ્ય સરકાર દ્વારા કોઈ નિયમ કે અધિનીયમ (એક્ટ) કે ગેઝેટ નોટીફીકિશન (પ્રકાશિત સુચના) દ્વારા અથવા રાજ્ય સરકારી ની જ ઓથોરીટી (સત્તાધિકારી) ની મંજૂરી દ્વારા અને મંજુર થયેલ પ્રક્રિયા દ્વારા, જમીનનાં વળતર માટે નાં દરો નિયત કરેલ હોય; તો તે દરો કોમ્પીટન્ટ ઓથોરીટી (સક્ષમ સતા) દ્વારા ઓડપટ કરી શકાય છે અને જમીન નું વળતર (વળતર ની કિંમત) નક્કી કરવા માટે પ્રથમ અનુસૂચી માં જણાવ્યા બદલે આ રીતે નક્કી કરી શકાય છે જયારે રાજ્ય સરકાર દ્વારા, અસરગ્રસ્ત પરિવારોને જે કઈ પણ વળતર આપવાનું થાય કે, વળતરની કિંમત નિયત થાય, તે જમીન સંપાદન અધિનીયમ ૨૦૧૩માં નિદિષ્ટ કરેલ વળતર કરતાં ઓછું ના હોવું જોઈએ.
૫	વળતર રાહત (સોલેશ્યમ)	ગ્રામ્ય વિસ્તારો માટે ક્રમાંક–૧ સામે દર્શાવેલ બજાર ભાવના ૧૦૦ ટકાને ક્રમાંકઃ ૨ સામે દર્શાવેલ ગુણાંકથી ગુણતા આવતી રકમ અને શહેરી વિસ્તારો માટે ક્રમાંકઃ ૩ સામે દર્શાવેલ ગુણાંકથી ગુણતા આવતી રકમ, વત્તા કોલમ–૨ માં ક્રમાંકઃ ૪ સામે દર્શાવેલ જમીન અથવા મકાન સંલગ્ન અસ્કયામતોની કિંમત મુજબ થતી રકમ		
૬	ગ્રામ્ય વિસ્તારો માટે છેવટનો (ફાઈનલ) એવોર્ડ	ક્રમાંકઃ૧ સામે દર્શાવેલ જમીનના બજારભાવને ક્રમાંકઃ ૨ સામે દર્શાવેલ ગુણાંકથી ગુણતા આવતી રકમ વત્તા કોલમ –૨ હેઠળ ક્રમાંક :૪ સામે દર્શાવેલ જમીન અને મકાન સંલગ્ન અસ્કયામતોની કિંમત વત્તા કોલમ–૨ હેઠળ ક્રમાંકઃ ૫ સામે દર્શાવેલ વળતર રાહત મુજબ રકમ		
૭	શહેરી વિસ્તારો માટે છેવટનો (ફાઈનલ) એવોર્ડ	ક્રમાંકઃ૧ સામે દર્શાવેલ જમીનના બજારભાવને ક્રમાંકઃ ૩ સામે દર્શાવેલ ગુણાંકથી ગુણતા આવતી રકમ વત્તા કોલમ –૨ હેઠળ ક્રમાંક :૪ સામે દર્શાવેલ જમીન અને મકાન સંલગ્ન અસ્કયામતોની કિંમત વત્તા કોલમ–૨ હેઠળ ક્રમાંકઃ ૫ સામે દર્શાવેલ વળતર રાહત મુજબ રકમ		
૮	ઉમેરવા લાયક હોય તો અન્ય ભારણ (ઘટક)	સમુચિત રાજય સરકાર ધ્વારા ઘોષિત અસરગ્રસ્ત કુટુંબોને વળતર ઉપર ચુકવવાપાત્ર વ્યાજ અથવા સને ૨૦૧૩ ના (જમીન) નવા અધિનિયમની કલમ–૩૦(૩) અને નોંધ એ (૬) માં સ્પષ્ટતા કર્યા મુજબ સેકશન–૧૧ હેઠળના જાહેરનામાની તારીખથી વાર્ષિક ૧૨ (બાર)ટકા લેખે વ્યાજ		

દ્વિતીય ગુજરાત રાજય ધોરીમાર્ગ યોજના (જી.એસ.એચ.પી - ૨)
માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર
યોજનાથી અસરગ્રસ્ત કુટુંબોને પુર્નવસવાટ અને પુર્ન સ્થાપન માટે સહાય
દ્વિતીય અનુસૂચિ

ક્રમાંક	સને ૨૦૧૩ ના (જમીન) અધિનિયમ હેઠળ સને ૨૦૧૬ ના ગુજરાત સુધારા અધિનિયમ હેઠળ સંપાદિત જમીનના વળતર પેકેજનો ખંડ ભાગ કોમ્પોનન્ટ	પાત્રતા	મળવાપાત્ર લાભો	ટિપ્પણી
૧	૨	૩	૪	૫
૧	પુર્નવસવાટ અને પુર્ન સ્થાપનનો ખર્ચ	સંપાદિત વિસ્તારમાં આવેલ જમીન અને મકાનના માલિક અસરગ્રસ્ત કુટુંબ	૨૦૧૬ ના ગુજરાત સુધારા અધિનિયમના સેકશન–૩૧ એ ની જોગવાઈ મુજબ વળતર અસરગ્રસ્ત કુટુંબને (કેન્દ્રિય અધિનિયમની કલમ–૨૭ હેઠળ નિશ્ચિત કરાયેલ) રકમના ૫૦ ટકા રકમ એક જ વખત ઉચ્ચક રકમ મુજબ પુર્નવસવાટ અને પુર્ન સ્થાપન ખર્ચ પેટે ચુકવવામાં આવશે.	પુર્નવસવાટ અને પુર્ન સ્થાપન ખર્ચની ઉચ્ચક રકમ ૨૦૧૩ ના (જમીન) સંપાદન અધિનિયમની બીજી અનુસૂચિ મુજબ ચુકવવાપાત્ર રકમ કરતાં ઓછી ન હોવી જોઈએ. અસરગ્રસ્ત કુટુંબને બીજી અનુસૂચિ મુજબ મળવાપાત્ર અન્ય બધા લાભોની અવેજીમાં આ કેટેગરીમાં મળવાપાત્ર ઉચ્ચક રકમ મળશે. દ્વિતીય સૂચીમાં નિર્દિષ્ટ, બધાંજ વળતર (લાભો) ની જગ્યાએ, અસર ગ્રસ્ત પરિવાર ઉચક વળતર મેળવે છે.
૨	નિર્વાસિતના કિસ્સામાં રહેઠાણ એકમ માટે જોગવાઈ	(એ) સંપાદિત જમીન ઉપર જેની આજીવિકા હોય તેવા ૨૦૧૩ ના (જમીન) સંપાદન અધિનિયમની કલમ–૩ સીમા વ્યાખ્યાયિત અસરગ્રસ્ત કુટુંબો કે જેમાં જમીન માલિકો પરંપરાગત રહેવાસીઓ અને વસવાટીઓ જમીન સંપાદનના કારણે પુર્ન વસવાટ કરવાનો થાય છે તેવા સઘળા અસરગ્રસ્ત કુટુંબો.	<u>(એ) ગ્રામ્યવિસ્તારો</u> રાજય સરકારે પોતાની પુર્નવસવાટ યોજના અમલી કરી હોય તો તે નીતિ કે નિયમો હેઠળ મળવાપાત્રસહાયને બદલે ઈન્દિરા આવાસ સ્પેશીફિકેશન્સ મુજબનું તૈયાર મકાન અથવા રૂા. ૬૦૦૦૦ /- થી ઓછી નહિ તેટલી રોકડ સહાય. મકાન ના બદલામાં જો રોકડ મા સહાય ચૂકવવાનું નક્કી થાયલ તો આવી સહાય રૂા. ૬૦૦૦૦ /- થી ઓછી નહિ ના હોવી જોઈએ.	(એ) વૈકલ્પિક મકાનને બદલે આ નાણાકીય સહાય ભેદભાવ વિના નિર્વાસિત કુટુંબો, ભોગવટો ભોગવતા માલિકો, સહમાલિકો, ગીરોદર, અને લાંબા સમયથી ચાલુ ભાડુઆતોને મળવાપાત્ર છે.
		(બી) જેઓ જાહેરનામાની તારીખથી ત્રણ વર્ષથી ઓછી નહિ તેટલા સમયથી આ વિસ્તારમાં સતત રહેતા હતા તેવા કુટુંબો ૨૦૧૩ ના (જમીન) સંપાદન અધિનિયમની બીજી અનુસૂચિની કલમ–૧ (૨) ની જોગવાઈના કારણે આ વિસ્તારમાંથી અનિચ્છાએ નિર્વાસિત થયા છે અને જેઓ	<u>(બી) શહેરી વિસ્તારો</u> ઓછામાં ઓછા ૫૦ ચો.મી.ના પ્લીન્થ વિસ્તારવાળુ તૈયાર મકાન અથવા સમુચિત રાજય સરકારે પોતાની પુર્નસ્પાપન નીતિ કે નિયમો મુજબ ઠરાવેલ હોય તો રૂા.૧૫૦૦૦૦ /- થી ઓછી નહિ તેટલી નાણાકીય સહાય	(બી) આ નાણાકીય સહાય રહેઠાણ, વાણિજય હેતુ કે આવા વર્ગીકરણ વિનાના મિશ્ર હેતુ માટે વપરાતા બાંધકામોને પણ મળવાપાત્ર છે.

ક્રમાંક	સને ૨૦૧૩ ના (જમીન) અધિનિયમ હેઠળ સને ૨૦૧૬ ના ગુજરાત સુધારા અધિનિયમ હેઠળ સંપાદિત જમીનના વળતર પેકેજનો ખંડ ભાગ કોમ્પોનન્ટ	પાત્રતા	મળવાપાત્ર લાભો	ટિપ્પણી
		રહેઠાણ લાયક જમીન વિહોણા છે તેઓને પણ આ લાભ મળશે.		
૩	જયાં શકય હોય ત્યાં જમીન સાટે જમીન	સિંચાઈ યોજનાઓના કિસ્સામાં અસરગ્રસ્ત વિસ્તારમાં ખેતી લાયક જમીનનો માલિક કે જેની જમીન સંપાદિત થવાથી કે જમીન ગુમાવવાથી સીમાંત ખેડૂત કે જમીન વિહોણો ખેડૂત બનીગયો હોય તેવા દરેક વ્યકિત કે જેનુંનામ માલિકી હકક તે યોજનાના રેકર્ડમાં નોંધાયું હોય તે દરેક વ્યકિતને કમાન્ડ વિસ્તારમાં ઓછામાં ઓછી એક એકર જમીન ફાળવવામાં આવશે.	જે દરેક યોજનામાં જમીન ગુમાવનાર જો અનુસૂચિત જાતિ કે અનુસૂચિત જનજાતિનો હોય તો તેવી વ્યકિતઓને સંપાદન કરેલ જમીન જેટલી જમીન અથવા અઢી એકર જમીન, બેમાંથી ઓછી હોય તેટલી જમીન ફાળવવામાં આવશે. (૨૦૧૩ ના સુધારેલ (જમીન) સંપાદનના અધિનિયમની બીજી અનુસૂચિની આઈટમ–૨)	શકય હશે ત્યાં જે નિર્વાસિત વ્યકિતઓની આજીવિકા જમીન આધારીત હોય તેવી વ્યકિતઓને પુર્નવસવાટ યોજના હેઠળ જમીન ફાળવણી માટે પ્રાધાન્ય આપવામાં આવશે. આ વ્યવસ્થા પુર્નવસવાટ માટે સંપાદિત કરેલ જાહેર માલિકીની જમીન કે ખાનગી જમીનની ફાળવણીમાં પણ લાગુ પડશે. જે કિસ્સામાં જમીન સાટે જમીન આપવાની હોય તે કિસ્સામાં પુર્નવસવાટ કરનાર વ્યકિતને એવી જમીન ફાળવવાની રહેશે કે જે સંપાદિત કરેલ જમીનની ફળદ્રુપતા, વિકાસ શકયતા અને સ્થાન આધારિત અગત્યતા ઓછામાં ઓછી સંપાદિત કરેલ જમીન જેટલી હોય. જો વ્યાજબી કિંમતે પુરતી જમીન ઉપલબ્ધ ન થાય તો જમીન અને અન્ય અસ્કયામતો ગુમાવનારને રોકડ વળતર ઉપરાંત નોકરી કે સ્વનિર્ભર વ્યવસાય (ક્રમાંકઃ ૫ એ મુજબ) ની તકોનો વિકલ્પ આપવો જોઈએ.
૪	વિકસિત જમીનની ઓફર	જો જમીન શહેરીકરણના હેતુ માટે સંપાદિત કરવામાં આવતી હોય તો આવી વિકસિત જમીનના ૨૦ ટકા જેટલી જમીન અસરગ્રસ્તોની માલિકીની સંપાદિત કરેલ જમીનના સપ્રમાણ ક્ષેત્રફળ જેટલી જમીન આવા અસરગ્રસ્તોને જમીન સંપાદન અને તેના વિકાસ ખર્ચ જેટલી કિંમતે ફાળવવા આરક્ષિત કરી ઓફર કરવામાં આવશે. જે અસરગ્રસ્ત કુટુંબ આ ઓફરનો લાભ લેવા માંગતું હોય તે કુટુંબને જમીન વળતર પેકેજ હેઠળ ચુકવવાપાત્ર રકમ જેટલી રકમ આ ઓફર હેઠળ ચુકવવાપાત્ર જમીનની કિંમતમાંથી કાપી લેવામાં આવશે. (૨૦૧૩ ના (જમીન) સંપાદન અધિનિયમની બીજી અનુસૂચિની આઈટમ–૩)		આ જોગવાઈ ગુજરાત રાજય હાઈવે યોજના યય ને લાગુ પડતી નથી. આમ છતાં ભવિષ્યમાં જો માર્ગ અને મકાન વિભાગ જમીન વિકાસ આવરતી યોજના હાથ ધરે તો આ જોગવાઈ લાગુ પડશે.
૫	રોજગારી અથવા ઉચ્ચક અથવા વાર્ષિક જીવાઈ (એન્યુઈટી) મેળવવાના વિકલ્પો	૨૦૧૩ ના (જમીન) સંપાદન અધિનિયમની કલમ–૩(સી) હેઠળ વ્યાખ્યાયિત કુટુંબો	અસરગ્રસ્ત કુટુંબને નીચેના વૈકલ્પિક લાભોમાંથી પસંદગીનો લાભ લેવાનું સમુચિત સરકાર સુનિશ્ચિત કરશે. (એ) યોજના અમલીકરણથી રોજગારી ઉભી થતી હોય તો અસરગ્રસ્ત કુટુંબના ઓછામાં ઓછા એક સભ્યને તે રોજગારી વિકલ્પ ક્ષેત્રમાં નિપુણતાભરી જરૂરી તાલીમ આપી રોજગારી આપવી અને તે બદલ ચુકવવાપાત્ર	સંપાદિત કર્યાના સમયે સમુચિત સરકારના પ્રવર્તમાન કાયદા/નિયમો હેઠળ મળવાપાત્ર લાભોની સમજૂતી અને માહિતી સંકલિત કરી જાહેર જનતાને જાણકારી મળી રહે તે મુજબ પ્રસિધ્ધી કરવી.

ક્રમાંક	સને ૨૦૧૩ ના (જમીન) અધિનિયમ હેઠળ સને ૨૦૧૬ ના ગુજરાત સુધારા અધિનિયમ હેઠળ સંપાદિત જમીનના વળતર પેકેજનો ખંડ ભાગ કોમ્પોનન્ટ	પાત્રતા	મળવાપાત્ર લાભો	ટિપ્પણી
			વેતન પ્રવર્તમાન કાયદા હેઠળના લઘુત્તમ વેતનથી ઓછું ન હોય તેટલું વેતન આપવું	
			(બી) અસરગ્રસ્ત કુટુંબ દીઠ રૂા. પાંચ લાખનું (પહેલુ અને છેલ્લુ) રોકડ વળતર	
			(સી) એન્યુઈટી પોલીસી કે જે હેઠળ ૨૦ વર્ષ સુધી પ્રતિ માસ કુટુંબ દીઠ રૂા. બે હજારથી ઓછી નહિ તેટલી અને ખેતમજૂરોના જીવન નિર્વાહ આંક જોડે સાંકળેલ જીવાઈની માસિક રકમ	
૬	અસરગ્રસ્ત કુટુંબને એક વર્ષ માટે જીવનનિર્વાહ સહાય	યોજનાથી નિર્વાસિત બનેલ (રહેઠાણ લાયક કે વાણિજિયક માળખા ગુમાવનાર) સને ૨૦૧૩ ના (જમીન) સંપાદન અધિનિયમની કલમ–૩ હેઠળ વ્યાખ્યાઈત દરેક અસરગ્રસ્ત કુટુંબ	(એ) એક વર્ષ સુધી પ્રતિ માસ રૂા. ૩૦૦૦ /- નું જીવન નિર્વાહ ભથ્થુ	એવોર્ડની તારીખ અથવા નિર્વાસિત થયાની તારીખથી એક વર્ષ સુધી માસિક રૂા.ત્રણ હજાર નિર્વાહ ભથ્થુ દરેક અસરગ્રસ્ત કુટુંબને ચુકવવામાં આવશે. અસરગ્રસ્ત કુટુંબને આ નિર્વાહ ભથ્થુ પ્રતિ માસ બાર મહિના માટે અથવા એકી સાથે બાર મહિનાનું ભથ્થુ મેળવવાનો વિકલ્પ રહેશે. અનુસૂચિત રહેણાક વિસ્તારમાંથી નિર્વાસિત અસરગ્રસ્ત કુટુંબોને શકય ત્યાં સુધી સમાન પ્રકારના પર્યાવરણ વિસ્તારમાં પુનઃ સ્થાપન કરવામાં આવશે કે જેથી તેમની આર્થિક તકો, ભાષા, સંસ્કૃતિ અને પારંપારિક જીવન શૈલી જળવાઈ રહે.
			(બી) નિર્દેશિત વિસ્તારમાંથી નિર્વાસિત થયેલ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના કુટુંબને વધારામાં રૂા. ૫૦૦૦૦ /- પહેલું અને છેલ્લુ ચુકવવામાં આવશે.	
૭	નિર્વાસિત કુટુંબો ને પરિવહન ખર્ચ	સને ૨૦૧૩ ના (જમીન) સંપાદન અધિનિયમની કલમ–૩ હેઠળ વ્યાખ્યાયિત દરેક અસરગ્રસ્ત કુટુંબ	કુટુંબની ઘરવખરી, બાંધકામ માલ સામાન, પશુસંપત્તિની હેરફેરના ખર્ચ માટે રૂા. ૫૦૦૦૦ /- ની એકાંકી નાણાકીય સહાય	બધા અસરગ્રસ્ત કુટુંબોને ખાલી કરવા માટે ત્રણ મહિનાની નોટિસ મોકલવામાં આવશે.
૮	અસરપામેલ દરેક ઢોરવાડા માટે / પરચુરણ વ્યાપારલાયક નાંની દુકાનો માટે	ઢોરવાડો અથવા પરચુરણ વ્યાપાર લાયક દુકાન ધરાવતા (૨૦૧૩ ના નવા જમીન સંપાદન અધિનિયમની કલમ–૩ માં વ્યાખ્યાયિત) દરેક અસરગ્રસ્ત કુટુંબ	ઢોરવાડો કે નાની દુકાન બાંધવા રૂા.૨૫૦૦૦ /– થી ઓછી નહિ અને સમુચિત સરકાર જાહેરનામાથી ઠરાવે તેટલી એકાંકી નાણાકીય સહાય	નાની દુકાનમાં વાણિજિયક પ્રવૃત્તિ થઈ શકે તેવા વાણિજય માળખાનો સમાવેશ ગણાશે. નાની દુકાન માલિકોની શ્રેણીમાં રોકડમાં સહાય મેળવતા આવા ફેરીયા અને વ્યાપારીને બીજી અનુસૂચિ હેઠળ મળવાપાત્ર અન્ય પુર્નવસન સહાય અન્ય મળી શકશે નહિ. આવી જીવનનિર્વાહ સહાયની રકમની આકારણી માટે યોજના અમલીકરણ યુનિટ અને સ્વૈચ્છિક સંસ્થા પુર્નવસન નીતિ અમલીકરણ અધિકારી જોડે પરામર્શ કરશે અને અસરગ્રસ્તોએ જીવન નિર્વાહ સ્ત્રોત ગુમાવવાથી થયેલ નુકસાનીની વિગત મેળવશે. ઢોરવાડાની વ્યાખ્યામાં ઢોરને રાખવા લાંબા ગાળા માટે ઉભા કરેલ કાયમી, અથવા હંગામી કે ચલતા ફિરતા ધણનો સમાવેશ થાય છે.
૯	કારીગર, નાના વેપારી અને અન્યને એકાંકી	જમીન સંપાદનના કારણે અસરગ્રસ્ત	રૂા.૨૫૦૦૦ /– થી ઓછી નહિ તેટલી	૨૦૧૩ ના સુધારેલ જમીન સંપાદન અધિનિયમની કલમ–૩ સી માં વ્યાખ્યાયિત

ક્રમાંક	સને ૨૦૧૩ ના (જમીન) અધિનિયમ હેઠળ સને ૨૦૧૬ ના ગુજરાત સુધારા અધિનિયમ હેઠળ સંપાદિત જમીનના વળતર પેકેજનો ખંડ ભાગ કોમ્પોનન્ટ	પાત્રતા	મળવાપાત્ર લાભો	ટિપ્પણી
	સહાય	વિસ્તારમાંથી અનિચ્છાએ આવા વિસ્તારમાં બિન–ખેત જમીન અથવા વાણિજિયક ઔદ્યોગિક કે સંસ્થાકીય માળખાના માલિક અને કારીગર, નાના વેપારી અથવા સ્વ–નિર્ભર વ્યકિત જે નિર્વાસિત થઈ જાય તે અસરગ્રસ્ત કુટુંબ.	સમુચિત સરકાર ઘોષિત કરે તેટલી એકાંકી નાણાકીય સહાય	માલિકી હક પ્રાપ્ત કે અપ્રાપ્ત વ્યકિત જે અસરગસ્ત કુટુંબનો સભ્ય હોય તે સહાય મેળવવા હકદાર છે. જાતિના ભેદભાવ વિના આવક ગુમાવનાર ખરેખર વ્યકિત આ નાણાકીય સહાય મેળવવાપાત્ર ગણાશે.
૧૦	માછીમારી હકકો	સિંચાઈ કે પાણી પુરવઠા યોજનાના જળસંચિત સંકુલમાંથી સમુચિત સરકાર ઠરાવે તે શરતોએ અસરગ્રસ્ત કુટુંબોને માછીમારીના હકકો આપવામાં આવશે.		આ જોગવાઈ ગુજરાત રાજય હાઈવે યોજના યય ને લાગુ પડતી નથી.
૧૧	એક જ વખત ચુકવવાપાત્ર પુર્નવસવાટ ભથ્થુ	૨૦૧૩ નો સુધારેલ જમીન સપાદન અધિનિયમની કલમ–૩ હેઠળ વ્યાખ્યાયિત દરેક અસરગ્રસ્ત કુટુંબ	એક જ વખત ચુકવવાનું પુર્નવસવાટ ભથ્થુ	(એ) ૨૦૧૩ ના સુધારેલ જમીન સંપાદન અધિકનિયમની કલમ–૩ સી માં વ્યાખ્યાયિત અને માલિકી હકક પ્રાપ્ય કે અપ્રાપ્ય કેટેગરીનો અસરગ્રસ્ત કુટુંબનો સભ્ય આ ભથ્થુ મેળવવા હકદાર છે. માલિકી હકક અપ્રાપ્ય વ્યકિતઓ કે જેઓની જમીન સંપાદન કરવામાં આવી નથી પરંતુ જેમની અવર–જવરનો રસ્તો મોજણીની તારીખ અથવા યોજનાની રૂપરેખા નિશ્ચિત કરતી તારીખ, બેમાંથી જે વહેલી હોય તે તારીખથી જેમનો રસ્તો બંધ થયો હોય તેવા દબાણ કરનારાઓ અને ઘુસણખોરોને પણ આ લાભ મળશે. (બી) જાતિના ભેદભાવ વિના આ શ્રેણીની ખરેખર આવક ગુમાવનાર વ્યકિત આ સહાય મેળવવા હકદાર છે.
૧૨	સ્ટેમ્પ ડયુટી અને નોંધણી ફી	દરેક અસરગ્રસ્ત કુટુંબ	વૈકલ્પિક મિલ્કત ખરીદવાથી ચુકવેલ સ્ટેમ્પ ડયુટી અને નોંધણી ફી ની રકમ મજરે મળવાપાત્ર	વળતર મળ્યાના એક વર્ષની અંદર પોતાના કે પોતાના પતિ/ પત્નીના નામે ગુમાવેલ જમીન અને અસ્કયામતોના બદલાવ માટે ખરીદેલ વૈકલ્પિક મિલ્કત.
૧૩	પુર્નવસવાટની સાઈટ માટે જોગવાઈ	પુર્નવસવાટ માટે સ્થાપિત કરેલ બ્લોકમાં પુર્નવસન કરવાવાળા અસરગ્રસ્ત કુટુંબો અને સમૂહો	જયાં નિર્વાસિત કુટુંબોના પુર્નવસવાટ માટેની સાઈટ નકકી થયેલ હોય તે સાઈટ ઉપર સને ૨૦૧૩ ના સુધારેલ જમીન સંપાદન અધિનિયમની ત્રીજી અનુસૂચિમાં નિશ્ચિત કરાયેલ મૂળભૂત સવલતો અને અન્ય માળખાકીય જોગવાઈઓવાળી લઘુત્તમ ફલોર ક્ષેત્રફળવાળી કાયમી આવાસ યોજના.	(એ) મોટા ભાગના કિસ્સામાં આ લાગુ પડશે નહિ પરંતુ જયાં આ વિકલ્પ વિચારાતો હોય તેવી યોજનાઓ માટેના પુર્નવસવાટ આયોજન પ્લાનમાં આનો સમાવેશ કરાશે. (બી) લોકો પુરતી સવલતથી પુર્નસ્થાપિત થાય કે સ્થાપિત થયા પછી ખસી જાય તેવા નિર્દેશોના નિયમન માટે પુરી પાડયાનીસવલતો હેઠળ મૂળભૂત રીતે અગત્યની સેવાઓ નિશ્ચિત કરી પુરી પાડશે.
૧૪	સામુદાયિક માળખા અને સામુદાયિક મિલ્કતોને નુકસાન	અસરગ્રસ્ત સામાજિક કુટુંબો અને સમૂહો	સામુદાયિક માળખા અને સામુદાયિક મિલ્કત સ્ત્રોતોનું પુર્નનિર્માણ.	સામુદાયિક માળખા અને સામુદાયિક મિલ્કતોનું પુર્નનિર્માણ સમુદાય (કોમ્યુનીટી)ના પરામર્શમાં કરવાનું રહેશે.
૧૫	જમીન અને અસ્કયામતોના સંપાદનની વિપરીત અસરોને હળવી કરવા બાબત	જમીન અસ્કયોમતોના અસરગ્રસ્ત માલિકો	નવનિર્માણ માટે સાઈટ ઉપર ભારે મશીનરી અને પ્લાન્ટની અવરજવરના કારણે સંલગ્ન જમીન અને અસ્કયામતોને જે હંગામી વિપરીત	નવનિર્માણ વખતે અથવા નિર્માણ પ્લાન્ટ સ્થાપિત કરતી વખતે માળખા કે જમીનને નુકસાન થાય તેના વળતરનો ખર્ચ કોન્ટ્રાકટર ભોગવશે. હેરફેર માટેના રસ્તા બહારની જમીનના કામચલાઉ ઉપયોગ માટે સંબંધિત

ક્રમાંક	સને ૨૦૧૩ ના (જમીન) અધિનિયમ હેઠળ સને ૨૦૧૬ ના ગુજરાત સુધારા અધિનિયમ હેઠળ સંપાદિત જમીનના વળતર પેકેજનો ખંડ ભાગ કોમ્પોનન્ટ	પાત્રતા	મળવાપાત્ર લાભો	ટિપ્પણી
			અસર થાય તે બદલાવથી ભરપાઈ કરવા વળતર	કોન્ટ્રાકટરે તે જમીનના માલિકની લેખિત અનુમતિ મેળવવાની રહેશે. બાંધકામ વખતે સ્થાપિત કરવાના સાઈટ કેમ્પનું સ્થાન માર્ગ અને મકાન વિભાગના પરામર્શમાં કોન્ટ્રકટરે નકકી કરવાનું રહેશે.

લાભાર્થી ઓને મળવાપાત્ર વળતરો અંગે સ્પષ્ટતાઓ :–

નોંધ :–અ. ૧. નવા (જમીન) કાયદા –૨૦૧૩ ની કલમ–૨૬ કે જે હેઠળ જમીનની બજાર કિંમત આકારવા અને નકકી કરવા નીચેના ધોરણો નિર્ધારિત કરાયા છે તે મુજબ સક્ષમ અધિકારી વળતર નકકી કરશે.

નીચેના બે વિકલ્પો પૈકી જે વિકલ્પ હેઠળ કિંમત ઉંચી ગણાય તે કિંમત.

(એ) જે વિસ્તારમાં જમીન આવેલી હોય તે વિસ્તાર માટે ભારતીય સ્ટેમ્પ અધિનિયમ–૧૮૯૯ માં વેચાણ દસ્તાવેજો કે કરારોની નોંધણી માટે નિર્દેશિત કરેલ હોય તો, તે બજાર કિંમત.

(બી) છેલ્લા ત્રણ વર્ષોમાં વિચારણા હેઠળની જમીનને અડોઅડ કે નજીકના ગામડામાં ૫૦ ટકાથી ઓછા નહિ તેટલા દસ્તાવોજોમાં જોવા મળતી સમાન પ્રકારની જમીનની સરેરાશ વેચાણ કિંમત.

સ્પષ્ટતા–૧:– ઉપરના વિકલ્પ – બી માં ઉલ્લેખેલ વેચાણ કિંમત – જે વર્ષમાં જમીન પ્રાપ્ત કરવાની દરખાસ્ત હોય તે વર્ષમાં આગળના ત્રણ વર્ષમાં પ્રાપ્ત કરવાની બજાર કિંમત નકકી કરવાની તારીખ કલમ–૧૧ હેઠળ પ્રસિધ્ધ થયેલ જાહેરનામાની તારીખ ગણાશે. જે વર્ષમાં જમીન પ્રાપ્ત કરવાની દરખાસ્ત હોય તે વર્ષના આગળના ત્રણ વર્ષમાં પ્રાપ્ત કરવાની જમીનને અડોઅડ કે નજીકના ગામડામાં સમાન પ્રકારના વિસ્તારમાં થયેલ વેચાણ દસ્તાવેજો કે કરારોમાં દર્શાવેલ સરેરાશ વેચાણ કિંમત મુજબ નકકી કરાશે.

સ્પષ્ટતા–૨ :– સ્પષ્ટતા–૧ માં ઉલ્લેખેલ સરેરા વેચાણ કિંમત નકકી કરવા માટે વેચાણના થયેલ દસ્તાવેજો કે કરારો પૈકી કુલ કરારના આર્ધા કરારોમાં દર્શાવેલ વધુમાં વધુ વેચાણ કિંમત ધ્યાને લેવામાં આવશે.

સ્પષ્ટતા–૩ :– આ સેકશન હેઠળ બજાર કિંમત નકકી કરતી વખતે અને સ્પષ્ટતા–૧ અથવા ૨ માં ઉલ્લેખેલ સરેરાશ વેચાણ કિંમત નકકી કરતી વખતે જિલ્લાના આ પહેલાના બનાવ વખતે જમીન વળતર માટે ચૂકવેલ કિંમત ગણતરીમાં લેવામાં આવશે નહિ.

સ્પષ્ટતા –૪ :– આ સેકશન હેઠળ બજાર કિંમત નકકી કરતી વખતે અને સ્પષ્ટતા–૧ અથવા ૨ માં ઉલ્લેખેલ સરેરાશ વેચાણ કિંમત નકકી કરતી વખતે જો સમાહર્તાના અભિપ્રાય મુજબ ચૂકવેલ કિંમત વાસ્તવિક બજાર કિંમત પ્રતિબિંબિત કરતી ન હોય તો તે બજાર કિંમત નકકી કરતી વખતે અવગણવામાં આવશે.

૨. ઉપર નોંધ –૧ હેઠળની જોગવાઈ મુજબ જાહેર કરાયેલ શહેરી વિસ્તારથી અંતરના કારણે સમુચિત સરકાર ધ્વારા નકકી કરાયેલ એક અથવા બે ના ગુણાંક મુજબ ગુણી થતી રકમ બજાર કિંમત ગણવામાં આવશે.

૩. નીચેના કારણોસર જો (ઉપર જણાવેલ) ગુણાંક ૧ અને ૨ મુજબ બજાર કિંમત નકકી થઈ ન શકે, :–

(એ) જે વિસ્તારમાં જમીન આવેલ છે તે વિસ્તારમાં જે તે સમયે અમલી અન્ય કાયદા હેઠળ જમીનની લે–વેચ મર્યાદિત રીતે થઈ શકતી હોય.

(બી) પેટા કલમના કલોઝ (એ) મુજબના આગળના ત્રણ વર્ષના સમયના નોંધાયેલ વેચાણના દસ્તાવેજો કે કરાર ઉપલબ્ધ ન હોય.

(સી) સક્ષમ સત્તાધિકારી ધ્વારા ભારતીય સ્ટેમ્પ અધિનિયમ–૧૮૯૯ હેઠળ બજાર કિંમત નિર્ધારિત કરાઈ ન હોય તો.

(ડી) જમીન અડોઅડ અથવા સમાન વિસ્તારની જમીનની કિંમત ધ્યાને લીધા સિવાય સંબંધિત રાજય સરકાર પેટા કલમ(૧) માં નિર્દેશિત કિંમતના આધારે ક્ષેત્રફળના એકમ દીઠ તળીયાની કિમત અથવા લઘુત્તમ કિંમત નિર્ધારિત કરશે.

૪. ૨૦૧૩ ના નવા (જમીન) અધિનિયમ હેઠળ જમીનની વળતર કિંમત નકકી કરતી વખતે અધિનિયમની કલમ–૨૮ ની જોગવાઈ વિચારણામાં લેવામાં આવશે.

૫. જે જમીન ધારકે ૧૯૬૧ પહેલાંના ગામની કોમન અબાધિ જમીન ધારણ કરવાના કારણે " અધિકૃત જમીન ધારકો " ગણાતા હોય તેઓને વૈકલ્પિક જમીન અથવા જમીન વળતર જેટલુ સાઈટ એલાવન્સ આપવામાં આવશે.

૬. સક્ષમ અધિકારી દરેક કેઈસમાં જમીનની બજાર કિંમત ઉપરાંત કલમ–૧૧ ની જાહેરનામાની તારીખથી એવોર્ડ આપ્યાની તારીખ અથવા કબજો લીધાની તારીખ, એ બે માંથી જે વહેલી હોય તે તારીખ સુધીનું વાર્ષિક ૧૨(બાર) ટકા લેખે (વ્યાજ) ચુકવવા ફરમાવશે.

નોંધ બી :– ઘરો, મકાનો અને અન્ય સ્થાવર મિલ્કતનું વળતર ઘસારો ધ્યાને લીધા સિવાય ભાવોની અનુસૂચિમાં દર્શાવેલ દરે નકકી કરવામાં આવશે. ભાવોની અનુસૂચિમાં દર્શાવેલ દર વિચારણામાં લેતી વખતે માલિકોનાં મંતવ્યો ધ્યાને લઈ સરકારમાં નોંધાયેલ અને આ હેતુ માટે રોકવામાં આવેલ હોય તે સ્વતંત્ર મૂલ્યાંકનકાર સંલગ્ન શહેરી અને ગ્રામ્ય વિસ્તારના વસવાટ અને વાણિજય આવાસોની ભાવોની અનુસૂચિનો ઉપયોગ કરશે.

નોંધ સી :– જે કિસ્સામાં કોઈ જમીનના પ્લોટનો અંશતઃ ભાગને અસર થતી હોય તે કિસ્સામાં જો જમીન માલિક તેનો આખો પ્લોટ સંપાદન કરાવવા ઈચ્છા દર્શાવે તો સક્ષમ અધિકારી સને ૨૦૧૩ ના (જમીન) નવા કાયદાની કલમ–૯૪ હેઠળ ખાકીની જમીન માટે જમીન સંપાદન અધિનિયમ મુજબની કાર્યવાહી કર્યા વિના વધારાનો એવોર્ડ ફરમાવશે.

શરતો (બોલીઓ) અને વ્યાખ્યાઓ :–

(એ) વહીવટદાર એટલે કલમ ૪૩ ની પેટા કલમ(૧) હેઠળ પુનઃ વસન અને પુનઃ સ્થાપનના હેતુ માટે નિમાયેલ વહીવટકર્તા.

(બી) અસરગ્રસ્ત વિસ્તાર એટલે જમીન સંપાદનમાં હેતું માટે સમુચિત સરકાર ધ્વારા ઘોષિત કરાયેલ વિસ્તાર.

(સી) અસરગ્રસ્ત કુટુંબ એટલે,

(૧) એવુ કુટુંબ કે જેની જમીન અથવા સ્થાવર મિલ્કત સંપાદન કરવામાં આવે છે.

(૨) એવું કુટુંબ કે જે જમીનના માલિક નથી પરંતુ જમીન સંપાદનના ત્રણ વર્ષ પહેલાંથી આજીવિકાના સાધન તરીકે ખેત–મજૂર, ગણોત, ભાડુઆત, સાથી, કર્મચારીકે કારીગર તરીકે સંપાદન કરવાની જમીન ઉપર આધારીત છે.

(૩) સંવત ૨૦૦૬ ના વન અધિકાર અધિનિયમની જોગવાઈ હેઠળ અનુસૂચિત જાતિ અને પરંપરાગત રીતે જંગલમાં વસતા વસાહતીઓ કે જે જમીન સંપાદનના કારણે આજીવિકાના સ્ત્રોત વન પેદાશ ભોગવટાનો હકક ગુમાવે છે.

(૪) જમીન સંપાદન વર્ષ પહેલાંના ત્રણ વર્ષથી જે કુટુંબોનો મૂળ આજીવિકાનો આધાર વન પેદાશો અથવા પાણી જન્ય જીવો છે કે જેમાં જંગલ પેદાશો, શિકાર, માછીમારી, બોટ પરિવહનનો સમાવેશ થાય છે તે આજીવિકાના સાધનોને જમીન સંપાદનથી વિપરીત અસર થાય છે.

(૫) કુટુંબના જે સભ્યને રાજય સરકાર કે કેન્દ્ર સરકારે તેની કોઈ યોજના હેઠળ જમીન ફાળવી હોય તેવી જમીન સંપાદનમાં આવતી હોય તે સભ્ય.

(૬) જમીન સંપાદન પહેલાંના છેલ્લા ત્રણ કે વધુ વર્ષથી શહેરી વિસ્તારની જમીન ઉપર વસવાટ કરતું કુટુંબ અથવા છેલ્લા ત્રણ વર્ષ કે તેથી વધુ સમય માટે જેના આજીવિકાના મૂળભૂત સ્ત્રોતને જમીન સંપાદનના કારણે વિપરીત અસર થતી હોય.

<u>(ડી) "ખેતીની જમીન " એ શબ્દ પ્રયોગમાં જે જમીન,</u>

(૧) ખેતી કે બાગબાની

(૨) ડેરી કે મરઘા ઉછેર કેન્દ્ર પીસ્કીકલ્ચર, સેરીકલ્ચર, બીજ ઉછેર કેન્દ્ર, પાલતુ પશુઓના સંવર્ધન કે રોપા ઉછેર કેન્દ્ર અને આરોગ્યવર્ધક ઔષધિઓ ઉગાડવા

(૩) ખેતીપાક, ઝાડ, ઘાસ અથવા બાગબાની પેદાશો ઉગાડવા કે,

(૪) પશુ ચારા માટે ઉપયોગ થતો હોય તેવી જમીન, પરંતુ તેમાં ફકત લાકડા/કાસ્ટ ઉગાડી કાપવા માટે થતો હોય તેનો સમાવેશ થતો નથી.

<u>(ઈ) " સત્તાધિકારી "</u> શબ્દપ્રયોગમાં કલમ–૫૧ હેઠળ સ્થાપિત જમીન સંપાદન, પુનઃ વસવાટ અને પુનઃ સ્થાપન માટે નિમાયેલ અધિકારી

<u>(એફ) " કમિશ્નર "</u> શબ્દપ્રયોગમાં કલમ–૪૪ ની પેટા સેકશન (૧) હેઠળ નિમાયેલપુનઃ વસવાટ અને પુનઃ સ્થાપન માટે નિમાયેલ અધિકારી

<u>(જી) સંપાદનના વળતર શબ્દપ્રયોગમાં નીચેનાનો સમાવેશ થાય છે.</u>

(૧) સોલેશ્યમ તથા જમીન સંપાદન, પુર્નવસવાટ અને પુર્ન સ્થાપન અધિકારી કે ન્યાય અદાલતે ફરમાવેલ વધારાનું વળતર અને તે ઉપર વ્યાજ ઉપરાંત આવા સત્તાધિકારી કે ન્યાય અદાલતે ફરમાવેલ અન્ય કોઈ રકમ અસરગ્રસ્ત કુટુંબને ચુકવવા ઠરાવ્યું હોય તે રકમ

(૨) જમીનનો કબજો લેતી વખતે તેના ઉપર હોય તે પાક અથવા ઝાડ લઈ લેવાથી હિત ધરાવતી વ્યકિતઓને થયેલ નુકસાની.

(૩) નિર્વાસિત કે ઉત્થાન પામેલ અસરગસ્તોને પુર્નવસવાટ કરાવવા સંપાદન કરેલ જમીન અને મકાનની કિંમત

(૪) પુર્નવસવાટ વિસ્તારમાં માળખાકીય સુવિધાઓ અને સવલતોના વિકાસ માટેનો ખર્ચ

(૫) આ અધિનિયમની જોગવાઈ મુજબ પુર્નવસવાટ અને પુર્નસ્થાપન નિર્માણ કરવાનો ખર્ચ

<u>(એચ) વળતર લગત નિર્ધારિત તારીખ :–</u> સને ૨૦૧૩ ના નવા (જમીન) અધિનિયમની કલમ–૧૧(૧) હેઠળ જમીન સંપાદન માટે પ્રથમ વખત ઘોષિત તારીખે ગણવાપાત્ર અસરગ્રસ્ત કુટુંબો કે જેમનો અન્ય રાજય કે કેન્દ્ર કાયદા હેઠળ દાવો કરવાનો હકક મળે છે કે દબાણ/અનઅધિકૃત કબજો મેળવેલ છે તે કુટુંબો નિશ્ચિત કરવાની તારીખ

<u>(આઈ) નિર્વાસિત કુટુંબ :</u> આ શબ્દ પ્રયોગમાં જમીન સંપાદનના કારણે અસરગ્રસ્ત વિસ્તારમાંથી પુર્નવસવાટ વિસ્તારમાં સ્થાપિત કરવાના છે તેવા કુટુંબ.

<u>(જે) કુટુંબ :</u> આ શબ્દપ્રયોગમાં પોતે, પોતાના પતિ કે પત્ની, સગીર બાળકો તેના પર આધારીત સગીર ભાઈઓ, સગીર બહેનોનો સમાવેશ થાય છે પરંતુ વિધવા, છુટાછેડાવાળી કે ત્યકતા મહિલાઓને અલગ કુટુંબ ગણવામાં આવશે. વિશેષ સ્પષ્ટતા કે પુખ્ત વયની ગમે તે જાતિના પતિ/પત્ની કે બાળકો અથવા આશ્રિતોને આ અધિનિયમના હેતુ માટે અલગ કુટુંબ ગણવામાં આવશે.

<u>(કે) જમીન ભોગવટો :–</u> આ શબ્દપ્રયોગમાં માલિક, કબજેદાર, ભાડુત કે અન્ય રીતે જમીનનો ભોગવટો કરતા શખ્સની કુલ જમીનનો ભોગવટાનો સમાવેશ થાય છે.

<u>(એલ) માળખાકિય યોજના :–</u> આ શબ્દપ્રયોગમાં કલમ યય ની પેટા કલમ–(૧) ના કલોઝ (બી) માં ઉલ્લેખેલ એક કે તેથી વધુ યોજનાઓનો સમાવેશ થાય છે.

<u>(એમ) જમીન :</u> આ શબ્દપ્રયોગમાં જમીન, કે તેને સંલગ્ન મકાનો અથવા જમીનને કાયમી રૂપે જોડાયેલ પદાર્થો કે વસ્તુઓનો સમાવેશ થાય છે.

<u>(એન) જમીન વિહોણા :</u> આ શબ્દપ્રયોગમાં એવી વ્યકિતઓ અથવા વર્ગનો સમાવેશ થાય છે કે રાજય અથવા અમલીકરણ કાયદા હેઠળ જેઓને તે મુજબ ગણવામાં કે નિર્દેશિત કરવામાંઆવતા હોય અથવા પૂર્વવર્તી જોગવાઈ નિર્દેશિત કરવામાં આવ્યું ન હોય ત્યારે સમુચિત સરકાર ધ્વારા નિર્દેશિત કરવામાં આવે તેવા શખ્સો.

(ઓ) <u>જમીન માલિકો :–</u> આ શબ્દપ્રયોગમાં

(૧) સંબંધિત સત્તાધિકારીના દફતરે જેઓના નામ જમીન, મકાન કે તેના ખંડભાગના માલિક તરીકે નોંધાયા હોય અથવા

(૨) સને ૨૦૦૬ ના (વન અધિકારીની સંબંધિત) અનુસૂચિત જાતિ અને અન્ય પરંપરાગમ જંગલ નિવાસી અધિનિયમ અથવા જે તે સમયે અમલી અન્ય કાયદા હેઠળ જંગલ /વન હકકો આપવામાં આવ્યા હોય અથવા

(૩) તબદીલી સહિત રાજયના કોઈ કાયદા હેઠળ ' પટ્ટા હક ' મેળવવા હકકદાર હોય અથવા

(૪) ન્યાય અદાલત કે અન્ય સત્તાધિકારીના હુકમની જમીન માલિક ફરમાવેલ હોય.

<u>(પી) સરકાર :</u> એટલે ગુજરાત સરકારનો નિર્દેશ કરે છે.

<u>(કયુ) જમીન સંપાદન :</u> એટલે ૧/૧/૨૦૧૪ થી અમલી સને ૨૦૧૩ નો નવો (જમીન) અધિનિયમ હેઠળ જમીન સંપાદન.

<u>(આર) સીમાંત ખેડૂત :</u> એટલે સિંચાઈ વિનાની એક હેકટર સુધીની અને સિંચાઈ વાળી અર્ધા હેકટર સુધીની જમીન ખેડતો શખ્સ

<u>(એસ) બજાર ભાવ :–</u> એટલે સને ૨૦૧૩ ના નવા (જમીન) અધિનિયમની કલમ–૨૬ હેઠળ નકકી કરાયેલ કિંમત.

<u>(ટી) મોસમી પાક :</u> જે પ્લાન્ટ કુદરતી રીતે અથવા વાવીને ઉગાડવામાં આવે અને તે એક મોસમ સુધી કાર્યરત રહી તેના પાકની લણણી બાદ નાશ પામે તેવા પાક મોસમી પાક ગણાય છે જેમ કે ડાંગર, શેરડી, મગફળી વિગેરે

<u>(યુ) જાહેરનામુ :</u> એટલે રાજયના ગેઝેટ કે ભારત સરકારના ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવતુ સર્વની જાણ માટેની જાહેર નોટિસ અને તેના અનુસંધાને જણાવવાનું કૃત્ય સંપન્ન થયાનું ગણાય છે.

<u>(વી) બારમાસી પાક :</u> જે પ્લાન્ટ વર્ષો સુધી કાર્યરત રહી પરિપકવ થયે તેના ફળ આપે છે તે બારમાસી પાક ગણાય છે. યોજનામાં સામાન્ય રીતે કુદરતી રીતે ઉગતા કે બાગાયતથી ઉગાડવામાં ઝાડ ફળ કે કાસ્ટ (લાકડુ) આપે છે તે બારમાસી પાક ગણાય છે. દૃષ્ટાંતરૂપે નાળીયેરી, આંબો વિગેરે.

<u>(ડબલ્યુ) હિત ધરાવતી વ્યકિત :–</u> આ શબ્દપ્રયોગમાં (૧) જમીન સંપાદન બદલ આપવાના વળતરમાં પોતાના હિત હોવાનો હકકદાવો કરતી તમામ વ્યકિતઓનો સમાવેશ થાય છે અને કોઈ વ્યકિત જમીન અંગેના સુખાધિકારમાં હિત ધરાવે તો તે જમીનમાં હિત ધરાવે છે, તેમ ગણાશે. ઉપરાંત (ર) સંવત–ર૦૦૬ ના અનુસૂચિત જાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓએ (વન હકકોની સ્વીકૃતિ) હકકો ગુમાવ્યા છે તેવા અનુસૂચિત જાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓ (૩) જમીનના ઉત્થાનમાં હિત ધરાવતી વ્યકિતઓ (૪) રાજય સરકારના કાયદા હેઠળ પાક લણનીમાં ભાગ સહિત ગણોત હકક ધરાવતી ગમે તે વર્ગ/નામ ધરાવતી વ્યકિતઓ (પ) જેની આજીવિકાના મૂળભૂત સ્ત્રોતને વિપરીત અસર થાય તેવી વ્યકિતઓ.

<u>(એકસ) યોજના અસરગ્રસ્ત કુટુંબ :–</u> સાથે રહેતા કુટુંબ અને અથવા બિન કુટુંબી સભ્યો કે જેઓને યોજના અમલીકરણથી વિપરિત અને /અથવા સાનુકૂળતા થઈ છે.

<u>(વાય) યોજના અસરગ્રસ્ત વ્યકિતઓ :–</u> યોજનાના અમલીકરણથી પ્રત્યક્ષરીતે વિપરીત પરિણામો ભોગવતી એવી વ્યકિતઓ કે જેઓને યોજના પ્રભાવિત વિસ્તારમાં આર્થિક હિતો કે આવાસ હોય , ઉપરાંત યોજના અમલીકરણથી પુરા કે ખંડિત વાણિજય કે આવાસ સંકુલ ગુમાવવા પડે તેવી વ્યકિતઓ, ખેતી લાયક કે આવાસ લાયક જમીન પુરી કે અંશતઃ ગુમાવવી પડે તેવી વ્યકિતઓ અને આવકના સ્ત્રોત ગુમાવવા પડે તેવી વ્યકિતઓનો સમાવેશ થાય છે. આવી વ્યકિતઓને મુખ્ય બે સમૂહમાં વિભાજીત કરી શકાય. (૧) બૃહદ રીતે અસરગ્રસ્ત અને (ર) હળવી રીતે અસરગ્રસ્ત

<u>(૧) બૃહદ રીતે અસરગ્રસ્ત :–</u> જેઓના આવાસ કે જમીન ઉપરની મિલ્કતને વિપરીત અસર થાય અને તે અપોષક બને અને બાકી બચેલ મિલ્કતમાંથી વ્યકિત પોતાની આજીવિકા કે વ્યાપાર કરી ન શકે અથવા મિલ્કતના રપ ટકા કે તેથી વધુ ભાગને વિપરીત અસર થાય તે બૃહદ રીતે અસરગ્રસ્ત થયેલ ગણાય.

<u>(ર) હળવી રીતે અસરગ્રસ્ત :–</u> બૃહદ રીતે અસરગ્રસ્ત થયેલ ન હોય તેવી બધી વિપરીત અસરોને હળવી રીતે અસરગ્રસ્ત થયેલ ગણાય, અથવા એવી મિલ્કત કે જેના બાંધકામ માળખા/ જમીનનો અંશતઃ ભાગ સંપાદિત કરવામાં આવેલ છે અને બાકી ઉપલબ્ધ અસંપાદિત મિલ્કતમાં અસરગ્રસ્ત વ્યકિત તેની આજીવિકા/ વ્યાપાર કરી જીવનનિર્વાહ કરી શકે તેવો અસરગ્રસ્ત.

<u>(ઝેડ) પુર્ન સ્થાપન કિંમત :–</u> ખુલ્લી બજારમાંથી સંપાદિત અસ્કયામત અને મિલ્કત જેવી મિલ્કત જે ભાવે ખરીદી શકાય તે કિંમત પુર્નસ્થાપન કિંમત ગણાય. પુર્નસ્થાન કે બદલાવ કિંમત માર્ગ અને મકાન વિભાગના પ્રવર્તમાન ભાવોની અનુસૂચિના આધારે ઘસારો બાદ કર્યા વિના ગણવામાં આવશે. આ પુર્નસ્થાપન કિંમત મંજુર થયેલ મળવાપાત્ર અધિકારોની જોગવાઈ અનુરૂપ હોય તે જોવાનું રહેશે.

<u>(એએ) પુર્નસ્થાપન વિસ્તાર :–</u> સમુચિત સરકાર ધ્વારા જે વિસ્તારમાંજમીન સંપાદનના કારણે નિર્વાસિત કુટુંબોને પુર્નસ્થાપિત કરવામાંઆવ્યા હોય તે વિસ્તાર.

<u>(બીબી) સંલગ્ન વિસ્તાર :</u> આ શબ્દપ્રયોગનો અર્થ સને ૧૯૯૬ ના પંચાયત (સંલગ્ન ક્ષેત્રનો વિસ્તાર) અધિનિયમના સેકશન–ર માં વ્યાખ્યાયિત સંલગ્ન વિસ્તાર કરાય છે.

<u>(સીસી) નાનો ખેડૂત :</u> આ શબ્દ પ્રયોગમાં સિમાંત ખેડૂતની જમીન કરતાંવધુ જમીન પરંતુ બે હેકટર સુધીની બિન સિંચાઈ જમીન અને એક હેકટર સુધીની સિંચાઈવાળી જમીન ધરાવતો ખેડૂત

<u>(ડીડી) ઘુસણખોર :</u> આ શબ્દપ્રયોગમાં વગર પરવાનગીએ જાહેર માલિકીની જમીન ઉપર કબજો જમાવનાર અથવા નિર્ધારિત તારીખ પહેલાંના સમયથી જાહેર મકાનનો ભોગવટો કરનાર વ્યકિત કે જેને જીવનનિર્વાહ માટે અન્ય કોઈ આવાસ કે જીન આજીવિકા સાધન નથી તેવો વ્યકિત.

<u>(ઈઈ) દબાણ કરનાર :–</u> આ શબ્દપ્રયોગમાં પોતાની માલિકીની જમીન કે અન્ય સ્થાવર અસ્કયાતને લગોલગ જાહેર માલિકીની જમીનમાં અતિક્રમણ કરી પચાવી પાડે અને તેના આવાસ/જીવન નિર્વાહ માટે વધારાની જાહેર માલિકીની જમીન ઉપર અનઅધિકૃતરીતે દબાણ કરનારનો સમાવેશ થાય છે.

<u>(એફએફ) ભાડુઆત :</u> આ શબ્દપ્રયોગમાં રહેણાક, વ્યાપાર કે અન્ય હેતુ માટે ચોખ્ખા બોજા અને અડચણરહિત ખાનગી મિલ્કતની માલિકી ધરાવતા શખ્સ જોડે, લેખિત કે અલિખિત બોનાફાઈડ ભાડાખતના આધારે આવી ખાનગી મિલ્કતનો ભોગવટો કરનાર શખ્સનો સમાવેશ થાય છે.

<u>(જીજી) કમજોર વ્યકિતઓ :–</u> આ શબ્દપ્રયોગમાં શારીરિક રીતે અક્ષમ, વિધવાઓ, ૬૦ થી વધુ વર્ષની વ્યકિતઓ, ગરીબી રેખાથી નીચેના આવાસધારકો અને મુખ્ય મહિલાકર્તા ધરાવતા આવાસોના રહીશોનો સમાવેશ થાય છે.

<u>(એચએચ) મહિલા ગૃહો :–</u> જે ઘરમાં જીવનનિર્વાહનો આધાર મહિલા હોય તેવા ગૃહને મહિલા ગૃહ ગણાય છે. આવી મહિલા વિધવા, લગ્ન વિચ્છેદવાળી કે ત્યકતા હોઈ શકે.

Annexure 2
યોજના અસરગ્રસ્ત લોકો ની યાદી (List of Project Affected Persons)

List of Project Affected Households (PAHs)-Mehsana-Palanpur (EPC 01AB)Corridor					
ક્રમ. નં.	સાંકળ (ચેનેજ)	ડાબી/જમણી	અસ્ક્યામત નો પ્રકાર	ગામ	ઘર ના મુખ્યા નુ નામ
૧	૮૧+૭૦૦	ડાબી બાજુ	દુકાન	સોનેરીપુરા	ખોડાજી દીવાનજી ઠાકોર
૨	૮૨+૧૦૦	ડાબી બાજુ	દુકાન	મોટીદઉં	ધર્મેન્દ્રજી પ્રભાતજી વાઘેલા
3	૮૫+૫૫૦	ડાબી બાજુ	દુકાન	ભાંન્ડું	જગદીશભાઈ સોમાભાઈ રાવળ
૪	૮૫+૫૮૦	ડાબી બાજુ	દુકાન	ભાંન્ડું	નરેશભાઈ જયંતીભાઈ રાવળ
૫	૮૫+૭૫૦	ડાબી બાજુ	દુકાન	ભાંન્ડું	મેહુલભાઈ કનુભાઈ પટેલ
૬	૮૬+૧૦૦	ડાબી બાજુ	દુકાન	ભાંન્ડું	રતનજી ગોબરજી ઠાકોર
૭	૯૨+૯૫૦	ડાબી બાજુ	દુકાન	ઉનાવા	અરુણજી માલાજી ઠાકોર
૮	૯૪+૪૦૦	ડાબી બાજુ	દુકાન	ઉનાવા	પટેલ શૈલેશ કુમાર નવીનચંદ્ર
૯	૯૪+૯૫૦	ડાબી બાજુ	દુકાન	ઉનાવા	અમૃતજી ચતુરજી ઠાકોર
૧૦	૯૫+૦૮૦	ડાબી બાજુ	દુકાન	ઉનાવા	હેતલબેન મુકેશવાન બાવા
૧૧	૯૯+૮૦૦	ડાબી બાજુ	દુકાન	ઊંઝા	અરવિંદભાઈ હીરાભાઈ પટેલ
૧૨	૮૮+300	જમણી બાજુ	B/W દીવાલ	ભાંન્ડુંપુરા	કમલેશકુમાર દવે
૧૨	૮૮+3૭૫	જમણી બાજુ	હોટેલ (મોરપીંછ)	ભાંન્ડુંપુરા	બાબુભાઈ હીરાભાઈ પ્રજાપતિ
૧3	૯૯+૫૦૦	જમણી બાજુ	દુકાન	ઊંઝા	પ્રવીણભાઈ ચુનીલાલ પટેલ
૧૪	૯૯+૯૦૦	જમણી બાજુ	દુકાન	ઊંઝા	સુરેશકુમાર મુલચંદભાઈ પ્રજાપતિ
૧૫	૧૨૪+૫૦૦	જમણી બાજુ	દુકાન	છાપી	મોહમ્મદયાસીન ફાઈજુભાઈ મેમન
૧૬	૧3૧+૮૦૦	જમણી બાજુ	દુકાન	કાણોદર	યુનુસમોહમ્મદ નાથુભાઈ મન્સૂરી
૧૭	૧3૮+૨૦૦	જમણી બાજુ	પાર્ટીપ્લોટ દીવાલ	પાલનપુર	સુરેશભાઈ મોતીલાલ મોદી

List of Project Affected Common Property Resources (CPRs)-Mehsana-Palanpur (EPC 01AB)Corridor

ક્રમ. નં.	સાંકળ (ચેનેજ)	ડાબી/જમણી	અસ્ક્યામત નો પ્રકાર	ગામ	ઘર ના મુખ્યા નુ નામ
૧	૮૦+3૮૦	ડાબી બાજુ	રામદેવપીર મંદિર (વાડ + દરવાજો)	નાનીદઉં	શનાજી સુરજમાંલજી ઠાકોર
૨	૯3+૬૦૦	ડાબી બાજુ	મેલડીમા મંદીર	ઉનાવા	ભરતજી ઠાકોર
3	૧૧3+૪૦૦	ડાબી બાજુ	Shrine	સિધ્ધપુર	સંજય શર્મા
૪	૧૦૦+૨૦૦	જમણી બાજુ	Two Shrines + Boundary wall	મકતુપુર	મકતુપુર ગ્રામપંચાયત
૫	૧૨૮+300	જમણી બાજુ	પાણી ની ટાંકી	બાકરવાડા	બાકરવાડા ગ્રામપંચાયત
૬	૧3૭+૯૫૦	જમણી બાજુ	Shrine	અશ્મીપુરા	Person Not avaiable